# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૬-૮-૨૦૨૪**

- **ગુજરાત રાજ્ય શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં ૧૮માં ક્રમે.**
- **નીતિ આયોગ દ્વારા "SDG India Index 2023-2024" ના મુજબ ૨૦૧૮માં ગુજરાતમાં ફ્રન્ટ રનર (હાઈ પર્ફોમર) હતુ તે ધકેલાઈ ૨૦૨૩-૨૪માં પર્ફોમર બન્યું છે.**
- **ગુજરાત રાજ્યમાં ધોરણ-૯ અને ૧૦માં ડ્રોપઆઉટ રેશિયો ૧૭.૯ % છે જ્યારે દેશની સરેરાશ ૧૨.૬ % છે.**
- **ગુજરાત રાજ્યમાં માત્ર ૨૪ % વિદ્યાર્થીઓ ૧૮ થી ૨૩ વયના કોલેજ કક્ષાએ કે સ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવે છે.**

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તા ને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવક્તા પાર્થિવરાજ સિંહ કઠવાડિયા એ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય ની શિક્ષણ વ્યવસ્થા દિવસે અને દિવસે કથળતી જાય છે. કેન્દ્ર સરકાર ના નીતિ આયોગ દ્વારા અપાયેલ એક અહેવાલ મુજબ ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ૧૮માં ક્રમે છે જે ગુજરાત મોડેલ ની પોલ ખોલે છે. નીતિ આયોગ દ્વારા "Sustainable Development Goal (SDG) India Index 2023-2024" ના રિપોર્ટ સરકાર ની પોલ ખોલનારો છે. ગુજરાત રાજ્ય જ્યારે ૨૦૧૮ માં ફ્રન્ટ રનર્સ એટલે હાઈ પર્ફોર્મિંગ રાજ્ય માં હતું તે ધકેલાય અને ૨૦૨૪ માં પર્ફોર્મિંગ રાજ્ય માં આવી ગયું છે.

ગુજરાત રાજ્ય ના સેકન્ડરી શિક્ષણ કક્ષા એ ડ્રોપ આઉટ રેશિયો ૧૭.૯% છે જ્યારે દેશ ની સરેરાશ ૧૨.૬% છે. હાયર સેકન્ડરી શિક્ષણ વ્યવસ્થા એટલે ૧૧-૧૨ ધોરણ માં ગ્રોસ એનરોલમેન્ટ માત્ર ૪૮.૨% જ્યારે દેશ ની સરેરાશ ૫૭.૬%. ગુજરાત રાજ્ય માં હાયર એજ્યુકેશન એટલે કે સ્નાતક કક્ષા એ એનરોલમેન્ટ ૨૪% જ્યારે દેશ ની સરેરાશ ૨૮.૪% છે.ગુજરાત રાજ્ય માં શિક્ષક - વિદ્યાર્થી નો જે રેશિયો ૨૯ વિદ્યાર્થીઓ ની સામે એક શિક્ષક છે, જે રાષ્ટ્રીય સરેરાશ મુજબ દેશ માં ૧૮ વિધાર્થીઓ એક શિક્ષક છે. ગુજરાત રાજ્ય ની શિક્ષણ વ્યવસ્થા માં સરકાર ને વ્યાપારીકરણ અને ખાનગીકરણ માં રસ છે જ્યારે શિક્ષણ માં સુધાર કરવા માં ઈચ્છાશક્તિ અભાવ દેખાય છે. મૃદુ ને મક્કમ સરકાર ને શિક્ષણ ક્ષેત્રે મક્કમતા ક્યાં જતી રહે છે તે ખબર નથી પડતી. ગુજરાત મોડેલના નામે ગુલબાંગો પૌકારનારી ગુજરાતની ભાજપ સરકાર શિક્ષણ ક્ષેત્રે સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે તે આ અહેવાલ દર્શાવે છે. ગુજરાત રાજ્યમાં જેટલા બાળકો જન્મે છે તેમાંથી ૧૧% જેટલા બાળકો શાળામાં પ્રવેશ પણ નથી મેળવતા. જેટલા બાળકો સ્કુલ કક્ષાએ ભરતી થાય છે તેમાંથી માત્ર ૨૪% જેટલા ૧૮ થી ૨૩ વર્ષના વિદ્યાર્થીઓ સ્નાતક કે કોલેજ કક્ષાએ એડમીશન લે છે. સમગ્ર ગુજરાત એક સમયે શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશને દિશા બતાવતું હતું તેની પરિસ્થિતિ દારૂણ અને દુઃખદ છે. શિક્ષણના નામે માત્ર વહેપાર અને ધંધો બનાવનાર શિક્ષણ વ્યવસ્થાથી ગુજરાતના યુવાનો અને બાળકોનું ભાવી ચિંતાજનક છે. ગુજરાતની ભાજપ સરકાર જાગે અને શિક્ષણના સુધારની દિશામાં કામ કરે તેવી સમગ્ર ગુજરાતની જનતા માંગ કરી રહી છે.

| **સસ્ટેનેબલ ડેવેલપમેન્ટ ગોલ (SDG)** | **ગુજરાત** | **ભારત** |
|---|---|---|
| ડ્રોપ આઉટ રેશિયો (સેકેન્ડરી કક્ષા 9-10) | 17.9 % | 12.6 % |
| ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (હાયર સેકન્ડરી કક્ષા 11-12) | 48.2% | 57.6 % |
| ગ્રોસ એનરોલમેન્ટ હાયર એજ્યુકેશન (સ્નાતક કોલેજ કક્ષાએ) | 24.0 % | 28.4 % |

(પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146